**Extra No. 75**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]      FRIDAY, MARCH 13, 2026 / PHALGUNA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**સભ્યશ્રી ઈમરાન ખેડાવાલાએ, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ, અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.**

**THE GUJARAT SENIOR CITIZEN PROTECTION FORCE BILL, 2026.**

**GUJARAT BILL NO. 14 OF 2026.**

***A BILL***

*to provide for the establishment of the Gujarat Senior Citizens Protection Force for the protection of life, properties and interests of Senior citizen in the State of Gujarat and for matters connected therewith.*

**ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક, ૨૦૨૬.**

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪.**

ગુજરાત રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોના જીવન, મિલકત અને હિતના રક્ષણ માટે ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળની સ્થાપના માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા માટેનું વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, તરત જ અમલમાં આવશે.

**ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળની સ્થાપના.** ૨. સંબંધિત તાલુકામાં, વરિષ્ઠ નાગરિકોના જીવન, મિલકત અને હિતના રક્ષણ માટે, પોલીસ ઈન્સ્પેકટર અથવા સબ-ઈન્સ્પેકટરના વડપણ હેઠળ ઓછામાં ઓછા ૨૫ વ્યક્તિઓનો સમાવેશ થતો હોય તેવા ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ (જેનો આમાં હવે પછી, ''દળ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તરીકે જાણીતી પોલીસ દળની ખાસ શાખાની, ગુજરાત રાજ્યના દરેક તાલુકામાં સ્થાપના કરવામાં આવશે.

**દળના કાર્યો.** ૩. દળના કાર્યો નીચે પ્રમાણે રહેશે,-

(ક) વરિષ્ઠ નાગરિકોને, તેમની ઉપર હુમલા અથવા પ્રહારની ઘટનામાં, રક્ષણ આપવું અને તેમના જીવન અને મિલકતનું રક્ષણ કરવું તથા તમામ જરૂરી મદદ કરવી અને આવી ઘટનામાં તાત્કાલિક સહાય પૂરી પાડવી;

(ખ) વરિષ્ઠ નાગરિકોને અને તેમના જીવનસાથીને મદદરૂપ થવા અને તેમના લાભ અને કલ્યાણ માટે, અધિનિયમિત કરવામાં આવેલા કાયદાના અમલીકરણ માટે, જરૂરી તમામ સહાય આપવી;

(ગ) ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો કરવા.

**દળની સત્તા.** ૪. વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ માટે, દળ (Force)ને, કોઈ વરિષ્ઠ નાગરિકોના જીવન અથવા મિલકતને જોખમરૂપ જણાયેલા અથવા પકડાયેલા કોઈ વ્યક્તિની ધરપકડ અથવા અટકાયત કરવાની સત્તા રહેશે.

**સલાહકાર સમિતિ.** ૫. રાજ્ય સરકારે દરેક તાલુકા માટે દળ (Force)ને સહાય કરવા અને સલાહ આપવા સામાજિક કાર્યકરોમાંથી પસંદ કરેલા સાત સભ્યો, જેમાંથી બે સભ્યો મહિલાઓ હોય તેમની બનેલી સલાહકાર સમિતિની રચના કરવી જોઈશે.

## ઉદ્દેશો અને કારણો

રાજ્યમાં વરિષ્ઠ નાગરિકોની નોંધપાત્ર વસ્તી છે. તેમની સલામતી અને સુરક્ષાની સમસ્યાઓ હલ કરવા માટે, વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળની સ્થાપના કરવાનું જરૂરી જણાયું છે. આ (દળ સ્થાપનાને લગતી) બાબત, વરિષ્ઠ નાગરિકોના જીવન, મિલકત અને હિતને જોખમમાં મૂકતા અટકાવશે. તેથી આવા દળની સ્થાપના કરવી અત્યંત જરૂરી અને અનિવાર્ય છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

**તારીખ: ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬** **ઈમરાન ખેડાવાલા,**

**ગાંધીનગર.** **વિ.સ.સ.**

## નાણાકીય યાદી

કલમ ૨ થી, દરેક તાલુકામાં વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળની સ્થાપના માટેની જોગવાઈ કરી છે. તે (દળ) પોલીસ અધિકારીઓના વિદ્યમાન સંવર્ગ પૈકીનું રહેશે. તેથી કોઈપણ વધારાનો ખર્ચ કરવામાં આવશે નહિ.

**તારીખ: ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬** **ઈમરાન ખેડાવાલા,**

**ગાંધીનગર.** **વિ.સ.સ.**

**ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૩(ગ)-થી, રાજ્ય સરકારને, કલમ ૩ની પેટા-કલમો (ક) અને (ખ)માં ઠરાવવામાં આવ્યા હોય તે સિવાયના સંરક્ષણ દળના કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬** **ઈમરાન ખેડાવાલા,**
**ગાંધીનગર.** **વિ.સ.સ.**

**તારીખ: ૧૩મી માર્ચ, ૨૦૨૬** **ચેતન પંડ્યા,**
**ગાંધીનગર.** **સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.03.14 08:35:36 IST